# <u>*સ્કોપ પોગ્રામ અંતર્ગત સ્કોપની પરીક્ષા માટેની કોલેજોની માર્ગદર્શિકા:*</u>

**(૧) સૌપ્રથમ જે તે કોલેજોનું OAS(open Assessment Scheme) માં સ્કોપ સેન્ટર તરીકે રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. આ માટે :-**

- સ્કોપ વેબસાઇટ(www.scopegujarat.org) માં OAS REGISTRTION FORM FOR COLLEGES પર જઇને સ્કોપ સેન્ટર ફોર્મની પ્રિન્ટ લઇ તેમાં બધી વિગત સંપુર્ણ ભરી સ્કોપની પરીક્ષા એજન્સીને હાર્ડ કોપી મોકલી આપવાની રહેશે.
- ત્યારબાદ કોનસેપ્ટ.એજ્યુ.પ્રા. લિ. આપના રજીસ્ટર આઇ.ડી. પર આપની કોલેજનો સેન્ટર કોડ જનરેટ કરી ઇ-મેઇલથી જાણ કરવામાં આવશે.
- આ પછી જે તે કોલેજોએ સ્કોપ પરીક્ષા એજન્સી પાસેથી વિધાર્થી રજીસ્ટ્રેશન ફોર્મ ( CRF Form) પોતાની કોલેજની જરૂરીયાત મુજબ મંગાવવાના રહેશે. જે એક ફોર્મની ફી રૂ.૨ /- છે. આ સાથે કુલ વિધાર્થીઓ **<u>મુજબ ફી નો ચેક/ડિ.ડિ. "CEO,SCOPE" ના</u>** નામનો બનાવવા નો રહેશે.
- ત્યારબાદ વિધાર્થી રજીસ્ટ્રેશન ફોર્મ ( CRF Form) ની સંપુર્ણ વિગત ભરી આ ફોર્મ ફી તથા સ્કોપનીપરીક્ષા ફી ( CPT-350,BULATS-840)**નો ચેક /ડિ.ડિ. સ્કોપની પરીક્ષા એજન્સી**(Concepts Eduserv Pvt. Ltd.409-412, AdvaitComplex,NearSandeshPress,Vastrapur, Ahmedabad-380015. Phone: 079-40030058.Email:scope.exams2@conceptesedu.com ,dhinal@conceptsedu.com) ને રૂબરૂ /કુરીયર કે રજી.એ.ડીથી મોક્લી આપવાનું રહેશે. સ્કોપ કચેરી ખાતે આ ફોર્મ કે ડી.ડી. મોકલવાના થતો નથી જેની ખાસ નોંધ લેશો.
- આ પક્રિયા બાદ આપની કોલેજોની પરીક્ષા માટેની વિગત સ્કોપ પરીક્ષા એજન્સી દ્વારા આપવામાં આવશે. સ્કોપની પરીક્ષા માટે જે તે કોલેજ માં પરીક્ષા લેવા દેવા માટેની પરીક્ષા ઓર્ડર સ્કોપ કચેરી ખાતેથી જે તે કોલેજને મોક્લી આપવામાં આવશે.

(૨) જે કોલેજો પહેલેથી સ્કોપ સેન્ટર રજીસ્ટ્રેશન કરાવેલ છે તેમને **સેન્ટર રજીસ્ટ્રેશનની પક્રિયા કરવાની થતી નથી.** પરંતુ CRF ફોર્મ તથા ફી માટેની ઉપર મુજબની પક્રિયા કરવાની રહેશે.જો કોઇ કોલેજોને પોતાની કોલેજ નું સેન્ટર સ્કોપ હેઠળ નોધાયેલ છે કે કેમ તે જાણવા માટે ( સ્કોપ સેન્ટર) સ્કોપની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

(૩) સ્કોપની પરીક્ષા જે કોલેજોમાં યોજવામાં આવે છે તેના માટે જે તે કોલેજોના આચાર્યશ્રી ,આસીસન્ટ કો-ઓર્ડિનેટર, લેબ કો-ઓર્ડિનેટર તથા પ્યુન ને અનુક્રમે એક દિવસના ૨૫૦/-, ૨૦૦, ૧૫૦/-, ૧૨૦/- રેમ્યુનરેશન સ્કોપ કચેરી તરફથી આપવામાં આવશે.

(૪) સ્કોપ પરીક્ષા અંતર્ગત જે તે કોલેજોના જેટલા વિધાર્થિઓના એનરોલમન્ટ થશે તેમાંથી જેટલા વિધાર્થીઓ પરીક્ષામાં હાજર રહેશે તેના એક વિધાર્થી દિઠ **CPT-75/- અનેBULATS-150** /- રૂ. રિએમ્બંસમેન્ટ આપવામાં આવશે.

(૫) ઉપરકોત રેમ્યુનરેશન તથા રિએમ્બરસમેન્ટ ની રકમ સ્કોપ કચેરેથી સંપુર્ણ ચકાસણી કર્યા બાદ જ આપવામાં આવશે.કોલેજો ને રેમ્યુનરેશન તથા રિએમ્બરસમેન્ટનીપક્રિયાની માર્ગદર્શિકા સ્કોપની વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

(૬) સ્કોપ દ્વારા લેવામાં આવતી પરીક્ષા અંગ્રેજી ભાષાની જાગ્રુતતાની હોય પરીક્ષા માં વિધાર્થીઓ જાતે શીખી શકે તે માટે સ્કોપની વેબસાઇટ પર પરીક્ષા માટેની ડેમો લિંક(CPT, BULATS) આપવામાં આવેલ છે.

(૭) સ્કોપની પરીક્ષા માટેના રજીસ્ટ્રેશન ફોર્મ ની વિગતો ફોર્મમાં ભરવા માટે આપે સ્કોપ પરીક્ષા એજન્સીસાથે સંપર્ક કરવાનો રહેશે. (જેમ કે સ્કોપ સેન્ટર કોડ,તાલુકા કોડ, જીલ્લા કોડ, વગેરે..)